## ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર

## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૧૫ થી ૨૧ ઓગષ્ટ, ૨૦૧૬)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| | | ઓગષ્ટ | | | | | | | | | | | | સલાહ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | વાસ્તવિક વરસાદ | | | | | | | ભારતીય હવામાન શાખાની આગાહી | | | | | |
| તારીખ | ૪–૧૦ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | |
| **ગુજરાત** | | | | | | | | | | | | | | સૌરાષ્ટ્ર વિસ્તારમાં વહેલી વાવણી કરેલ કપાસનાં ખેતરોમાં ગુલાબી ઈયળનું નુકશાન નોંધાયેલ છે. જુનાગઢ અને કેટલાક અન્ય જીલ્લાઓમાં ગુલાબી ઈયળનો આર્થિક ક્ષમ્યમાત્રાથી વધુ ઉપદ્રવ જોવા મળેલ છે. હાલ ઉપદ્રવનું પ્રમાણ ઘટી રહેલ છે. વહેલી વાવણી કરેલ કપાસનાં ખેતરોમાં ગુલાબી ઈયળોનાં ફુદાંઓને સામુહિક રીતે પકડીને નાશ કરવા માટે એકર દીઠ ૪૦ જેટલાં ફેરોમોન ટ્રેપ લગાડવાના સાવચેતીપૂર્વકનાં પગલાં લેવાની અત્યંત આવશ્યકતા છે. સમયસર વાવણી કરેલ કપાસમાં ગુલાબી ઈયળની મોજણી માટે હેકટર દીઠ ૫ ફેરોમોન ટ્રેપ લગાડવા. મોડી વાવણી કરેલ કપાસમાં ગુલાબી ઈયળનાં ઉપદ્રવ સામે અસરકારક વ્યવસ્થાપન કરવુ જરૂરી છે. સૌરાષ્ટ્રમાં સમયસર અને મોડી વાવણી કરેલ કપાસ અત્યારે વાન્સ્પતિક વૃધ્ધિ અવસ્થાએ છે. લીલાં ચુસીયાંનો ઉપદ્રવ આર્થિક ક્ષમ્યમાત્રાથી (૩–૪ પ્રતિ ૩ પાનો પ્રતિ છોડ) ઓછો છે. સફેદ માખીનો ઉપદ્રવ પણ આર્થિક ક્ષમ્યમાત્રાથી (૧–૨ પ્રતિ ૩ પાનો પ્રતિ છોડ) ઓછો છે. મીલીબગનો ઉપદ્રવ પણ આર્થિક ક્ષમ્યમાત્રાથી (૦–૧ ગ્રેડ પ્રતિ છોડ) ઓછો છે. જુનાગઢ અને કેટલાક અન્ય જીલ્લાઓમાં ગુલાબી ઈયળનો આર્થિક ક્ષમ્યમાત્રાથી વધુ ઉપદ્રવ જોવા મળેલ છે. રાજકોટ, બોટાદ, ભાવનગર અને જુનાગઢ જીલ્લાઓમાં ૧૬ જેટલાં ગામડાઓમાં મોજણી કરતાં કપાસની બીજી–૨ જાતોમાં ૨૦ ફુલો પૈકી ૪–૧૨ જેટલી ગુલાબી ઈયળો નોંધવામાં આવેલ છે. |
| અમરેલી | ૮૫ | ૨૩.૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | |
| ભાવનગર | ૪૮.૯ | ૧૫.૯ | ૦.૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| જામનગર | ૩૦૦.૩ | ૮.૨ | ૦ | ૦.૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| રાજકોટ | ૧૨૯.૬ | ૧૪.૩ | ૧.૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | ૩ | |
| ભરૂચ | ૫૧.૩ | ૭.૩ | ૧૬ | ૦.૭ | ૦ | ૦.૧ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સાંબરકાંઠા | ૧૫૫.૨ | ૬૮.૪ | ૯.૬ | ૧.૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| સુરેન્દ્રનગર | ૩૯ | ૧૪.૮ | ૬.૭ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| અમદાવાદ | ૭૯.૬ | ૧૯.૪ | ૬.૬ | ૧.૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૩ | |
| વડોદરા | ૯૫.૬ | ૨૮.૭ | ૨૨.૪ | ૦.૬ | ૧.૧ | ૦ | ૦.૩ | ૦ | ૩ | ૧૯ | ૪ | ૫ | ૪ | |
| પાટણ | ૯૦ | ૧૪.૧ | ૨.૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |
| મહેસાણા | ૮૮.૧ | ૩૯ | ૧.૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | |

| નોંધ | | | | | |
|---|---|---|---|---|---|
| વરસાદ (મીમી) | < ૫ | ૫–૨૦ | ૨૦–૫૦ | ૫૦–૮૦ | > ૮૦ |
| | (સફેદ) | (લીલો) | (પીળો) | (આસમાની) | (ગુલાબી) |

સ્ત્રોત : http://nwp.imd.gov.in/bias/dist_fcst.htm